અપીલ અરજી નં.૩૯૮ તા.૧૬–૧૧ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મો.રીજવાન અબ્દુલરબ આઝાદ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી મો.રીજવાન અબ્દુલરબ આઝાદની તા. ૧૭–૯–૧૧ની અરજીથી ૫/૧૫૫૫ વાળી મિલકત પર થયેલ બાંધકામની પરવાનગીની નકલ,લે–આઉટ પ્લાનની નકલ તથા પાર્કિંગમાં થઈ રહેલ બાંધકામની નકલ, હાલ થયેલ બાંધકામની કોઈજાણ હોય તેની લેખિતમાં માહિતીઓ આપવામાં આવે તથા આ સર્વે નં. વિરુધ્ધ આપેલ અરજીઓની નકલો વિ. માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૬–૧૧–૧૧ ની **SMC/FAP/** નં.૩૯૮/૨૦૧૧–૧૨

શ્રી મો.રીજવાન અબ્દુલરબ આઝાદની તા. ૧૭–૯–૧૧ની અરજીથી ૫/૧૫૫૫ વાળી મિલકત પર થયેલ બાંધકામની પરવાનગીની નકલ,લે–આઉટ પ્લાનની નકલ તથા પાર્કિંગમાં થઈ રહેલ બાંધકામની નકલ, હાલ થયેલ બાંધકામની કોઈજાણ હોય તેની લેખિતમાં માહિતીઓ આપવામાં આવે તથા આ સર્વે નં. વિરુધ્ધ આપેલ અરજીઓની નકલો વિ. માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૧૬–૧૧–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી હેઠળની વિગતો દફતરી હકીકત નકલ સહ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૪૧ તા.૨૩–૧૧–૧૧ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ /આ.નં.૧૭૬૬ તા.૨૧–૧૨–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારનુ મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૦૩ તા.૧૫–૧૦–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૭–૯–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે કોઈ જવાબ ન મળવાથી નારાજ થઈ તા.૧૬–૧૧–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારે અરજીમાં ૫/૧૫૫૫ માં થયેલ બાંધકામની પરવાનગીની નકલ, લે આઉટ પ્લાનની નકલ તથા પાર્કીગમાં થઈ રહેલ બાંધકામની પરવાનગીની નકલ તથા હાલમાં થઈ રહેલ બાંધકામની કોઈ જાણમાં હોય તેની લેખિતમાં માહિતીઓ આપવામાં આવે તથા આ સર્વે નંબર વિરુધ્ધ આવેલ અરજીની નકલ આપવા તથા સદરહુ સર્વે નંબરમાં થયેલ બાંધકામ બાબતેની મંજુરી મેળવવા માટે અરજી સાથે મુકેલ દસ્તાવેજી પુરાવાની નકલો આપવામાં આવે તેવી માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૦૩ તા.૧૫–૧૦–૧૧ થી નિયત સમય અવધિમાં " ૫/૧૫૫૫ પર થયેલ બાંધકામની રજાચિઠ્ઠીની નકલ અને વાંધા અરજીની નકલ નંગ–૨ ના પ્રતિ નકલ રૂ.૨/– લેખે રૂ. ૪/– તેમજ મંજુર પ્લાનના પ્રતિ ચો.મી. ૧૦૦૦/– લેખે રૂ.૫૪૦/– મળી કુલ રૂ. ૫૪૪/– ભર્યેથી મળી શકશે." તેવું જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફથી નકલો સહિતની માહિતી આપવા પ્રસ્તાવ કરવામાં આવેલ છે. પરંતુ અરજદારે માહિતી મેળવેલ છે કે કેમ તે અંગે અરજદાર તરફથી કે જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે કોઈ પ્રકાશ પાડવામાં આવેલ નથી.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૦૯–૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી તરફથી ફી ભરપાઈ કરી માહિતી મેળવવા પ્રસ્તાવ કરેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ નિયત સમય અવધિમાં કરેલ પ્રસ્તાવ અનુસાર નાણા ભરપાઈ કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી મો.રીજવાન અબ્દુલ રબ આઝાદ,